# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

COVID-19ના સંક્રમણને ફેલાતું રોકવા થયેલ લોકડાઉન દરમ્યાન વર્ગોમાં શૈક્ષણિક કર્યા બંધ થયેલ પરિસ્થિતિમાં ડિપ્લોમા, સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાની વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ કરવામાં આવેલ ફેરફારો સહિતની શૈક્ષણિક કાર્યવાહીને બહાલી આપવા બાબત

## -: જાહેરનામું :-

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે વિદ્યાપરિષદની તા.૨૭.૦૮.૨૦૨૦ના રોજ મળેલ ૫૪મી બેઠકના કાર્યનોંધના મુદ્દા નં. ૫૪.૨૫ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, હાલ સમગ્ર વિશ્વમાં તેમજ દેશ અને ગુજરાત રાજયમાં COVID-19 મહામારીને કારણે લોકડાઉન દરમ્યાન ભારત સરકારશ્રી તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર થયેલ સૂચનાઓ, માર્ગદર્શન તેમજ ICAR/VCI/UGCની માર્ગદર્શિકા મુજબ પોલિટેકનિક/સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ કરવામાં આવેલ વિવિધ કામગીરીઓ જેવી કે મીડટર્મ પરીક્ષા, ઇન્ટરનલ/એક્સટર્નલ, પ્રાયોગિક પરીક્ષા તેમજ ICARની ગાઈડલાઈનનો આધાર લઈ ૫૦ (ઇન્ટરનલ) : ૫૦(આગલા સેમેસ્ટરના GPA) પધ્ધતિથી વિદ્યાર્થીઓના માર્કસની ગણતરી કરી પરિણામ તૈયાર કરવું તેમજ અનુસ્નાતક કક્ષાએ પ્રીલીમ લેખિત પરીક્ષા, પ્રીલીમ મૌખિક, પ્રિ-થીસીસ સેમિનાર, થીસીસ સેમિનાર તથા થીસીસ વાઈવા વગરે જેવી શૈક્ષણિક કાર્યવાહી Online કરવામાં આવેલ છે જેને વિદ્યાપરિષદ બહાલી આપે છે. તેમજ ભવિષ્યમાં પણ COVID-19ના સંક્રમણને ધ્યાને લઈ UGC/VCI/ICAR/Ministry of Fisheries, Animal Husbandry and Dairying, New Delhiની ગાઈડલાઇનમાં જણાવેલ તેમજ રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારશ્રી દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી માર્ગદર્શિકાઓ મુજબ હવે પછી શૈક્ષણિક તથા તેને લગતા આનુસાંગિક RAWE સહિતના તમામ કાર્યક્રમો/પરીક્ષાઓ બાબતે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવા વિદ્યાપરિષદ માનનીય કુલપતિશ્રીને સત્તા એનાયત કરે છે."

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુ.જી.-૨૮૨૮૨/૨૦૨૦

તા.૨૭/૦૯/૨૦૨૦

કુલસચિવ

<u>નકલ સવિનય રવાના પ્રતિ :</u>

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

(૨) વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

(૩) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, નવસારી/જુનાગઢ/સરદારકૃષિનગર.

(૪) સભ્ય સચિવ-વ-નાયબ સચિવ (કૃષિ યુનિવર્સિટી), રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, ગાંધીનગર

(૫) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

(૬) પરીક્ષા શાખાના તમામ ટેબલ તરફ.

(૭) એકેડેમીક શાખા (૧૦ નકલ)